# શ્રી એચ.એ. શાહ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

## રેફરન્સ (આઈ.ટી.) નં.૧૩/૨૦૦૮

## વિષય : આંક–૩૬ ની અરજીનો હુકમ

બીજા પક્ષકાર તરફે હાલની અરજી કરી એવી રજુઆત કરેલ છે કે, આ રેફરન્સ સાથે રેફરન્સ (આઈ.ટી.) નં.૭૧/૧૦ પણ આ જ પક્ષકારો વચ્ચે થયેલ છે અને તેમાં માંગવામાં આવેલી દાદ તથા માંગણીઓ એક સરખી જ છે. તેમાં મુખ્યત્વે જે કામદારોના ભથ્થા વિગેરે અંગે માંગણી કરવામાં આવેલી. તે જ પ્રકારની માંગણી બીજા કામદારો માટે આ કેસમાં કરવામાં આવેલ છે. આ બંને કેસમાં કામદારોને કાયમી ગણવા માટે તથા શ્રમયોગીઓને ફ્રીન્જ બેનીફીટ આપવા અંગે ટર્મસ ઓફ રેફરન્સ કરવામાં આવેલ છે. જે અંગે પ્રથમ પક્ષકાર વલસાડ નગરપાલિકા તરફથી તેમના વિધ્વાન વકીલશ્રીએ વાંધા લઈ નામ. વડી અદાલત સમક્ષ એસ.સી.એ.નં.૩૦૬૨/૧૫ સામે એલ.પી.એ. નં.૧૦૦૫૬/૧૯ કરેલ છે. જે પેન્ડીંગ હોય હાલની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

વિધ્વાન વકીલશ્રી એ.એન. પટેલની રજુઆત ધ્યાને લેતા રેફરન્સ (આઈ.ટી.) નં.૭૧/૧૦ માં કેટલાક કર્મચારીઓ આવી જાય છે તથા આ રેફરન્સ (આઈ.ટી.) નં.૧૩/૦૮ માં તમામ કર્મચારીઓ એટલે કે શ્રમયોગીઓ આવી જાય છે. બંને કેસમાં કરવામાં આવેલ માંગણીઓ તથા ટર્મસ ઓફ રેફરન્સ એક જ પ્રકારના છે. તેથી બંને કેસોમાં એક જ પુરાવા સાથે લેવાથી મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ રોકી શકાય તેમ છે. તે તમામ સંજોગો ધ્યાને લેતા બંને રેફરન્સને કોન્સોલીડેટ કરી સાથે ચલાવવાનો હુકમ કરવાથી કોઈ પક્ષકારને પ્રેજયુડાઈસ થાય તેમ જણાતું નથી. તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### –: હુકમ :–

(૧) બીજા પક્ષકારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) રેફરન્સ (આઈ.ટી.) નં.૭૧/૧૦ તથા રેફરન્સ (આઈ.ટી.) નં.૧૩/૦૮ કોન્સોલીડેટ કરી બંને કેસો સાથે ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : સુરત.**
**તારીખ : ૨૧/૦૬/૨૦૨૪.**

**(એચ.એ. શાહ)**
**જી.જે. ૦૦૫૫૦**
**સભ્ય,**
**ઔદ્યોગિક અદાલત,**
**સુરત.**